# યુપીએસસી સીવીલ સર્વિસીઝ મુખ્ય પરીક્ષા ૨૦૨૦ પાસ કરેલ ઉમેદવારો માટે પ્રોત્સાહન સહાય મેળવવા સારું ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની લિંકને Re-open કરવા અંગેની અગત્યની નોટિસ:

યુપીએસસી સીવીલ સર્વિસીઝ મુખ્ય પરીક્ષા ૨૦૨૦ પાસ કરેલ તેમજ યુપીએસસી દ્વારા લેવાનાર પર્સનાલીટી ટેસ્ટ (ઈન્ટરવ્યુ) માટે ક્વોલિફાય થયેલ સફળ ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રોત્સાહન સહાય (પુરુષ ઉમેદવારોને રૂ.૨૫000, મહિલા ઉમેદવારોને રૂ.30000) મળવાપાત્ર થાય છે. જેના માટે સંબંધિત ઉમેદવારોએ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર સ્પીપાની સ્કોલરશીપ સ્કીમ નં. 3, "For Candidates who have cleared Mains Examination of Civil Services Examination conducted by UPSC & selected for final personality test" માં ઓનલાઈન અરજી કરવાની રહે છે. અરજી કરવા માટે અગાઉ તા.૦૧/૦૪/૨૧ (સવારના ૧૦-૦૦ વાગ્યાથી) થી તા.૨૦/૦૪/૨૧ (રાત્રિના ૨૩-૫૯ વાગ્યા સુધી) સુધી લીંક ઓપન કરવામાં આવેલ હતી.

યુપીએસસી સીવીલ સર્વિસીઝ મુખ્ય પરીક્ષા ૨૦૨૦ પાસ કરેલ અને ઓનલાઈન અરજી કરવાની રહી ગયેલ હોય તેવા ઉમેદવારોને અંતિમ તક આપતા, સ્કીમ નં. 3ની આ લિંકને તા.૦૬/૦૫/૨૦૨૧ (સવારના ૧૦-૦૦ વાગ્યાથી) થી તા.૧૬/૦૫/૨૦૨૧ (રાત્રિના ૨૩-૫૯ વાગ્યા સુધી) સુધી Re-open કરવામાં આવેલ છે. તદ્દનવયે બાકી રહી ગયેલ ઉમેદવારોએ સત્વરે ઓનલાઈન અરજી કરી દેવાની રહેશે.

સંબંધિત લાભાર્થીઓએ https://digitalgujarat.gov.in/ પર Student Corner – Scholarship માં જઈ, Search online services માં Mains લખીને GO પર ક્લિક કરવાથી "For Candidates who have cleared Mains Examination of Civil Services Examination conducted by UPSC & selected for Personality Test" યોજનાના નામ પર ક્લિક કરવાથી Instruction મેનુ ખુલશે તેમાં Apply Online પર ક્લિક કરવાથી Citizen login માટેની નવી વિંડોમાં Click For New Registration (For Citizen) પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, તે કર્યા બાદ Citizen login માં login થઈ, ઓનલાઈન અરજી તથા જરૂરી તમામ ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે. તા.૧૬/૦૫/૨૦૨૧ બાદ કોઈ ઉમેદવારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

તા.૧૬/૦૫/૨૦૨૧ બાદ ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની તમામ અરજીઓ પર પ્રોત્સાહન સહાય ચૂકવવાની કામગીરી હાથ ધરવામાં આવશે, જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

Sd/-
સંયુક્ત નિયામક(સ્ટડી)
સ્પીપા, અમદાવાદ

ક્રમાંક: સીસપ-તાલીમ/૨૦૨૦-૨૧/ઈન્ટરવ્યુ-૨૦૨૦/સ્ટડી

તા.૦૬/૦૫/૨૦૨૧